# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## માર્ગદર્શક શિક્ષકશ્રીએ / વિદ્યાર્થીઓએ ધ્યાનમાં લેવાનીસૂચનાઓ

(૧) પીએચ.ડી. નોંધણી કર્યાઅંગેના પત્રમાં જણાવેલ વિગતે વિદ્યાર્થીએ ચારેય સત્રોની ટયૂશન ફી તથા અન્ય ફી નિયત સમયે યુનિવર્સિટી કાર્યાલયના કેશ વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૨) કન્યા કેળવણીના સંદર્ભમાં કન્યાઓને માત્ર ટયૂશન ફીમાંથી જ મુક્તિ મળતી હોઈ ટયૂશન ફી સિવાયની અન્ય ફી ચારેય સત્રો માટે જમા કરવાની રહેશે.

(૩) નિયત સમય મર્યાદામાં જો ફી જમા કરાવવામાં નહિ આવે તો પ્રતિમાસ રૂા. ૫૦/- દંડાત્મક ફી સાથે ઉપર ક્રમ ૧, ૨માં જણાવેલ ફી જમા કરાવવાની રહેશે.

(૪) વિદ્યાર્થીએ જો નોંધણી યુનિવર્સિટી ભવનમાં કરાવેલ હશે તો ટયૂશન ફી વગેરે ભવનના અધ્યક્ષશ્રીઓ મારફત જમા કરાવવાની રહેશે.

(૫) કોલેજ ખાતેના માર્ગદર્શક શિક્ષકશ્રી નીચે નોંધણી કરાવેલ હશે તો માર્ગદર્શક શિક્ષકશ્રીની ભલામણ સાથે ટયૂશન ફી વગેરે યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

(૬) વિદ્યાર્થીએ સિનોપ્સિસ/ થિસિસ નોંધણી કરાવવાની તારીખથી ચાર વર્ષ (૨+૨)માં રજૂ કરી દેવાની રહેશે. આ સમય મર્યાદા બાદ રજૂ કરવાની હશે તો નીચે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

(અ) પાંચમા વર્ષ માટે નોંધણીપત્ર ચાલુ રાખવા અંગે તે અંગેના નિયત ફોર્મમાં જરૂરી ફી સાથે અરજી કરી નોંધણીની મુદત લંબાયા બાદ સિનોપ્સિસ રજૂ કરવાની રહેશે.

(બ) પાંચમા વર્ષમાં પણ જો આમ કરવામાં વિદ્યાર્થી નિષ્ફળ જશે તો છઠ્ઠા અને સાતમા વર્ષ માટે નોંધણી ચાલુ રાખી શકશે પરંતુ આને માટે નિયત ફોર્મમાં જરૂરી ફી સાથે અરજી કરવાની રહેશે અને જ્યાં સુધી થિસિસ રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી સત્ર ટીક ટયૂશન તથા અન્ય ફી ભરવાની રહેશે અને મંજૂરી મળ્યા બાદ સિનોપ્સિસ/ થિસિસ રજૂ કરી શકાશે.

(ક) નોંધણી કરાવ્યા બાદ સાત વર્ષમાં સિનોપ્સિસ રજૂ કરવામાં નહીં આવે તો નોંધણી અને સત્રો આપોઆપ રદ્દ થયેલાં ગણાશે.

(૭) વિદ્યાર્થીને સિનોપ્સિસ રજૂ કરવા અંગે તે અંગે નિયત કરવામાં આવેલ ફોર્મમાં જરૂરી વિગતો તથા ફી સાથે માર્ગદર્શક શિક્ષકશ્રી મારફત અરજી કરવાની રહેશે અને સિનોપ્સિસ રજૂ કાર્ય બાદ એક વર્ષમાં થિસિસ રજૂ કરી દેવાનો રહેશે. આમાં નિષ્ફળ જશે તો ફરી વખત સિનોપ્સિસનું ફોર્મ ભરી જરૂરી ફી જમા કરાવવાની રહેશે.

(૮) નોંધણી ફોર્મ તથા પ્રમાણપત્રમાં દર્શાવેલ સંશોધનકાર્ય અંગેનું શીર્ષક સિનોપ્સિસ/ થિસિસ ઉપર દર્શાવવાનું રહેશે. આમાં જો કોઈ ફેરફાર કરવામાં આવેલ હોય તો ફેરફાર કરવા અંગે પ્રથમથી જ અરજી કરી મંજૂરી મળ્યે તે પ્રમાણે શીર્ષક દર્શાવવાનું રહેશે.

(૯) બોર્ડ ઓફ સ્ટડિઝના જે તે વિષયના સભ્યશ્રીઓની સંખ્યાથી વધારે ત્રણની સંખ્યામાં સિનોપ્સિસ તથા થિસિસ ચાર નકલમાં યુનિવર્સિટી કાર્યાલય (પી.જી. વિભાગ)માં રજૂ કરવાની રહેશે.

(૧૦) વિદ્યાર્થીની નોંધણી ફી મુદત લંબાવવી તથા અન્ય જે કાંઈ વ્યવહાર થયેલ હોય તે અંગેના રેકર્ડની નિયત ફાઈલ અવશ્ય ભવન/ કોલેજ ખાતે રાખવાની રહેશે.